# ડીસાની હોસ્પિટલમાં મહિલા દર્દીના પરિવારજનો દ્વારા હંગામો

## ડોક્ટર સામે બેદરકારીના ગંભીર આક્ષેપો

ડીસા

છેલ્લા કેટલાય સમયથી ડીસા શહેરમાં દિનપ્રતિદિન અનેક હોસ્પિટલમાં ડોકટરોની ગંભીર બેદરકારીના બનાવો બહાર આવી રહ્યા છે જેમાં ખાસ કરીને ગાયનેક હોસ્પિટલમાં અનેક ડોકટરની બેદરકારીના કારણે અનેકવાર હોસ્પિટલમાં હંગામો પણ થતો હોય છે હાઈવે સ્થિત ડીસાની ગાયત્રી સર્જીકલ હોસ્પિટલમાં રાજસ્થાનના વાંકડિયા વડગામની એક મહિલાને પેટમાં દુઃખાવો થતાં પિત્તાશયનું ઓપરેશન કરવા માટે દાખલ કરવામાં આવી હતી તે દરમિયાન મહિલાને પેટમાં ગર્ભ હોવાનું જાણવા મળ્યું હતું. ડોક્ટર દ્વારા પિત્તાશયના ઓપરેશન બાદ મહિલાને પ્રસુતિ કરાવી હતી . જોકે પ્રસુતિ દરમિયાન જન્મેલ નવજાત બાળકના માથાના ભાગે ગંભીર ઈજા ઓ જોવા મળી હતી. જેથી સારવાર અર્થે બાળકને ખાનગી ચિલ્ડ્રન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યુ હતું ત્યારે મહિલાના પરિવારજનો દ્વારા ગાયત્રી સજીકલ હોસ્પિટલમાં રાત્રી દરમિયાન ડોક્ટરને બાળકને ઈજાઓ બાબતે પૂછતાછ કરતા ડોક્ટર દ્વારા ઓરમાયું વર્તન કરતા પરિવારજનોએ ભારે હંગામો મચાવ્યો હતો. હંગામા દરમિયાન મહીલાના પરીવારજનો દ્વારા જિલ્લા કંટ્રોલ પોલીસને જાણ કરાતા ડીસા ઉત્તર પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી પરિવારજનો દ્વારા ઉત્તર પોલીસ સ્ટેશનમાં ડોકટરની બેદરકારી સામે અરજી આપી તપાસની માંગ કરી હતી તેમજ મહિલાના પરિવારજનો દ્વારા મીડિયા સમક્ષ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે તાજુ જન્મેલ બાળકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતા ડોકટરને પુછતા ડોક્ટર દ્વારા મહિલાનું હાડકું બાળકને વાગ્યું હોવાનું જણાવી હાથ અધ્ધર કર્યા હતા. પોલીસ દ્વારા મહિલાના પરિવારજનોની અરજી લઈને બીજા દિવસે સવારે હોસ્પિટલમાં તપાસ હાથ ધરવામાં આવી હતી. જો કે હોસ્પિટલના ડોકટરની બેદરકારીના કારણે એક તાજું જન્મેલ બાળકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી જે બાળકની હાલમાં સારવાર ચાલી રહી છે પરંતુ છેવટે ડોકટર અને દર્દીના પરિવાર વચ્ચે સમાધાન થઈ જતા સમગ્ર મામલે પડદો પાડી દેવામાં આવ્યો છે

# બનાસકાંઠા ખાણ ખનીજ વિભાગનો સપાટો

## ડીસાના કંસારી પાસેથી રોયલ્ટી વગરના ૪ ડમ્પર ઝડપ્યા, ૧૦.૫૦ લાખનો દંડ ફટકાર્યો

ડીસા, તા. ૯

બનાસકાંઠામાં બનાસ નદીમાંથી રોજેરોજ રેતીની ચોરી થતી હોવાની ફરિયાદો ઉઠી રહી હતી. ત્યારે બનાસકાંઠા જિલ્લા ભૂસ્તર અધિકારી સુભાષ જોશીએ ચાર્જ સંભાળ્યા બાદ રેતીની ચોરી કરતા તત્વોને ઝડપી પાડવા કમર કસી હતી અને તેમના માર્ગદર્શન હેઠળ નાયબ ભૂસ્તર અધિકારી મિત પરમાર તેમજ રોયલ્ટી ઈસ્પેક્ટર, સર્વેયર અને માઈલ્સ સુપરવાઈઝર દ્વારા અવારનવાર ચેકીંગ હાથ ધરી રેતી ચોરી કરતા વાહનો ઝડપી દંડ વસુલ કરેલ અને સરકારને બનાસકાંઠા



જિલ્લામાંથી કરોડોની આવક ઉભી કરેલ છે. ત્યારે બુધવારે વહેલી સવારે ભૂસ્તર અધિકારી સુભાષ જોશીના માર્ગદર્શન હેઠળ રોયલ્ટી ઈસ્પેક્ટર શક્તિદાન ગઢવી તેમજ માઈલ્સ ઈન્સ્પેક્ટર વીરેન્દ્રસિંહની ટીમે વહેલી સવારે ખાનગી વાહનમાં ચેકીંગ હાથ ધરેલ. જેમાં ડીસા- ધાનેરા હાઈવે પર કંસારી ગામ પાસેથી પસાર થતા ડમ્પર નં. જીજે૦૮એયુ૨૮૩૩, જીજે૦૮વાય ૪૭૪૮, આરજે૪૬જીએ ૨૪૩૩ અને જીજે૦૮એયુ ૬૧૨૨ની તપાસ કરતા રોયલ્ટી પાસ મળી આવેલ નહિ અને રોયલ્ટી ભર્યા વગર રેતી લઈ જતા હોઈ રૂ.૧૦.૫૦ લાખનો દંડ ફટકારી વાહન ડીસા રુલર પોલીસ મથકે જપ્ત કરેલ. જોકે ખનીજ વિભાગના આ સપાટાના સમાચાર વાયુવેગે પ્રસરતા ભુમાફીયાઓ ભુર્ગભમાં ઉતરી ગયા હતા. બીજી બાજુ ખનીજ વિભાગ દ્વારા આખો દિવસ તપાસ હાથ ધરાઈ હતી.

# પાલનપુરની ફેકટરીમાંથી ૪૪૩ લીટર શંકાસ્પદ ઘી જપ્ત

## ફૂડ અને ડ્રગ્સ વિભાગનો આકસ્મિક દરોડો

પાલનપુર

પાલનપુરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે અચાનક તપાસ હાથ ધરી શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે. દિવાળીના તહેવારો બાદ ફરી એકવાર ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ હરકતમાં આવ્યુ હોય તેમ આજે શહેરના એક માર્કેટમાં ઘી બનાવતી ફેકટરીમાં દરોડા પાડ્યા હતા. અચાનક તંત્રની કાર્યવાહીથી પંથકમાં નકલી અને બનાવટી ઘી બનાવતાં લોકોમાં ફફડાટનું વાતાવરણ સર્જાયુ છે. તંત્રએ ઘીના સેમ્પલ લઈ અંદાજે ૪૪૩ લીટર શંકાસ્પદ ઘી જપ્ત કર્યુ હોવાનું સામે આવ્યુ છે.

બનાસકાંઠા જીલ્લાના મુખ્યમથક પાલનપુરમાં ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે મોટી કાર્યવાહી કરી છે. સવારે શહેરના ગજાનંદ માર્કેટમાં આવેલ ધાન્વી એન્ટરપ્રાઈઝમાં ફૂડ વિભાગે દરોડા પાડ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ ફેકટરીમાં શ્રી



અનમોલ બ્રાન્ડનું ઘી બનાવાતું હતુ. આજે ફૂડ વિભાગે અચાનક કાર્યવાહી કરતાં ઘીના સેમ્પલ લઈ ૪૪૩ લીટર શંકાસ્પદ ઘીનો જથ્થો જપ્ત કર્યો છે. આ સાથે અંદાજીત ૧૧ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો હોવાનું ફૂડ વિભાગે જણાવ્યું છે.

# ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં કોવિડ હોસ્પિટલ શરૂ કરવા માંગ

ભિલોડા,તા.૯

શિયાળાની ઋતુ દરમ્યાન ઠંડીનો ચમકારો વધતાની સાથે-સાથે દિવાળીના તહેવાર બાદ કોરોના વાઈરસની મહામારી વચ્ચે ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ દિન-પ્રતિ-દિન વધતા પ્રજાજનોમાં સર્વત્ર ચિંતાનું મોજું ફરી વળ્યું છે. અરવલ્લી જીલ્લા પંચાયત,પુર્વ પ્રમુખ, રાજેન્દ્ર પારઘીએ ભિલોડામાં કોવિડ હોસ્પિટલ શરૂ કરવા કલેક્ટરને પત્ર પાઠવ્યો છે.

ભિલોડા તાલુકા મથક ખાતે કોટેઝ હોસ્પિટલમાં અદ્યતન સુવિધાસભર કોવિડ હોસ્પિટલ શરૂ કરવા માંગ ઉદ્ભવી છે. એક તરફ અસહ્ય મોંઘવારી અને મંદીના માહોલ વચ્ચે ગરીબ અને મધ્યમ વર્ગના પ્રજાજનો કોરોના વાઈરસની મહામારી દરમ્યાન અમુક પ્રાઈવેટ હોસ્પિટલોમાં દર્દીઓ ધોળા દિવસે લુંટાઈ રહ્યા છે. કોટેઝ હોસ્પિટલમાં કોવિડ હોસ્પિટલ શરૂ કરવા માંગણી કરાઈ છે.

# ભારત બંધમાં ચાર બસની હવા કાઢનારની હવા કાઢવાનો તખ્તો તૈયાર

## ભિલોડા એટીઆઈએ ૪ બસના ૯ ટાયરને નુકસાની અંગે ૪ શખ્સો સામે ફરિયાદ

ભિલોડા, તા. ૯

ભારત બંધના એલાનનો અરવલ્લી જીલ્લામાં નહિવત અસર જોવા મળી હતી પરંતુ જીલ્લાના ભિલોડા તાલુકામાં સજ્જડ બંધ જોવા મળ્યો હતો. ભિલોડાને જોડાતા તમામ માર્ગો પર કોંગ્રેસના કાર્યકર્તાઓ રોડ પર ઉતરી પડતા ઠેર ઠેર ચક્કાજામ જોવા મળ્યો હતો, રોડ પર દોડતી અટકાવી એસટી બસોની હવા કાઢી નાખી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ત્યારે ભિલોડા એસટી ડેપોના આઈટીઆઈએ ભારત બંધના દિવસે ૪ એસટી બસની હવા કાઢી વાલસીટ લઈ જતા ૯ ટાયરને કટ પડી જતા ૪૦ હજારથી વધુનું નુકશાન થયા અંગેની ફરિયાદ ભિલોડા પોલીસ સ્ટેશને સ્વીફ્ટ કાર ચાલક અને અન્ય ત્રણ શખ્સો સામે ફરિયાદ નોંધાવતા ભારે ચકચાર મચી છે.

દિલ્હીમાં ચાલી રહેલા ખેડૂત



અંદોલનની માંગ સરકારે સ્વીકારવાનો નનૈયો ભણતા મંગળવારે બંધનું એલાન આપવામાં આવ્યું હતું જેમાં અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં બંધને સમર્થન કરી જીલ્લામાં સુલેહશાંતી ભંગ કરનાર લોકોની પોલીસે અટકાયત કરી છોડી મુકવામાં આવ્યા હતા અને અટકાયતીઓ સામે ગમે તે ઘડીએ ગુન્હો નોંધાઈ શકે છે ની ચર્ચાઓ વચ્ચે ભિલોડા એટીઆઈએ ભિલોડા પોલીસ સ્ટેશનમાં ૪ એસટી બસના નુકશાન અંગે ફરિયાદ નોંધાવતા આંદલોનકારીઓમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

ભિલોડા એટીઆઈ દીપકકુમાર મણીલાલ સુથારે સ્વીફ્ટ કાર (ગાડી.નં.જીજે.૦૯. બીડી. ૫૨૪૮)ના કાર ચાલક અને અન્ય ત્રણ શખ્સોએ ૪ બસને અટકાવી હવા કાઢી નાખી અને ટાયરની વાલ સીટ કાઢી લઈ જતા ટાયરમાં કટ પડી જતા રૂ. ૪૦૧૦૦નું નુકશાન થયા અંગેની ફરિયાદ ભિલોડા પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ભિલોડા પોલીસે કાર ચાલક સહીત ત્રણ અજાણ્યા શખ્સો સામે ઈપીકો કલમ-૧૮૮, ૩૪૧, ૪૨૭ તથા પબ્લિક પ્રોપર્ટી ડેમેજ એક્ટ હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# બાયડની વાત્રક હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની સુંદર સારવાર લોકોએ બિરદાવી

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના વાત્રકમાં આવેલ કોવિડ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓની સુંદર સારવાર કરવામાં આવી રહી છે. જેને લોકો બિરદાવી રહ્યા છે. અહીં ડોક્ટર અને સમગ્ર સ્ટાફ





સારી કામગીરી કરી રહ્યા છે, કોરોના વોરિયર્સ સુંદર કામગીરી કરી રહ્યા છે, હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ.મેહુલભાઈ શાહ અને તેમના માર્ગદર્શન હેઠળ ઓપીડી સંભાળતા ડૉ.કેતુલભાઈ રાવલ અને સમગ્ર સ્ટાફ કોરોનાના સમયમાં દર્દીઓને ખડેપગે સેવા આપી રહ્યા છે. કોરોનામાં અદ્યતન સુવિધાઓ ધરાવતી વાત્રક હોસ્પિટલ કોવિડ-૧૯ હોસ્પિટલ બનાવાઈ છે. આ હોસ્પિટલમાં ૪૦ બેડ ધરાવતો આઈસોલેશન વોર્ડ તૈયાર કરવામાં આવ્યો છે સાથે ૪ વેન્ટિલેટર પણ છે સાથે પાંચ સુપર સ્પેશિયાલિસ્ટ ડોક્ટર, મેડિકલ ઓફિસર, નર્સ અને અન્ય આરોગ્ય કર્મચારીઓ સુંદર કામગીરી કરી રહ્યા છે. અહી કોરોનાના દર્દીઓ આ સ્ટાફની દેખરેખમાં સારવાર લઈ રહ્યા છે. અહીં દર્દીઓને દિવસમાં પાંચવાર તપાસ કરવામાં આવે છે. દર્દીઓને દવાઓ સાથે પોષ્ટિક આહાર આપવામાં આવે છે, હોસ્પિટલમાં સ્વચ્છતાનું પણ ધ્યાન રાખવામાં આવે છે. જિલ્લાનું વહીવટીતંત્ર પણ કોરોનામાં સારી કામગીરી કરી રહ્યું છે. વાત્રકમાં આવેલ આ હોસ્પિટલનું સપનું ગાબટના વતની કે.કે. શાહ અને તે સમયના દેશના આરોગ્ય પ્રધાને સેવ્યું હતું. ટ્રસ્ટના ચેરમેન ધીરુભાઈ પટેલ, કોદરભાઈ પટેલ, કનુભાઈ પટેલ અને ટ્રસ્ટીઓ દ્વારા સુંદર કામગીરી કરવામાં આવી રહી છે. હાલ અદ્યતન હોસ્પિટલ સુંદર કામગીરી કરી રહી છે હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડૉ. મેહુલભાઈ શાહ અને મેડિકલ ઓફિસર કેતુલભાઈ રાવલ અને સમગ્ર સ્ટાફ સરાહનીય કામગીરી કરી રહ્યા છે. કર્મશીલ પ્રમુખ, ટ્રસ્ટીઓ દાતાઓ અને સેવાભાવી તબીબોની દૂરંદેશીના પરિણામે આ હોસ્પિટલ સુંદર કામગીરી કરી રહી છે અને અદ્યતન પણ છે સાથે સાથે બીજા તમામ વિભાગો પણ કાર્યરત છે.

# બાયડમાં વેપારીની દુકાનમાંથી લાખોનો બિન હિસાબી જથ્થો પકડાયો

બાયડ, તા. ૯

બાયડ ખાતે આવેલ હાટકેશ્વર ટ્રેડિંગના માલિક ધર્મેન્દ્રકુમાર રવજીભાઈ બારોટની દુકાને મામલતદાર પુરવઠા સહિતની ટીમો ચેકિંગ કરતા પેઢીના સ્થળે ભાવ બોર્ડ તપાસણી તારીખે અધતન નિભાવેલી નહોતી, સ્ટોક પત્રક વેચાણ પત્રક નિભાવેલ નહોતું તેમજ ખેડૂતો પાસેથી ખરીદી કરેલ છે પેદાશોના બિલ તપાસણી સમયે રજૂ કર્યા ન હતા.

આ ઉપરાંત પેઢીના સ્થળે અને દુકાન નંબર ૪૬માં આવેલ ગોડાઉનમાં તપાસ કરતા ઘઉં ૩૧૧૧૯ કિલો, ચોખા ૧૫૩૭ કિલો, ચણા ૧૧૮ કિલો, બાજરી ૨૬૫૫ કિલો મળી કુલ ૩૫૪૨૯ કિલો અનાજનો જથ્થો બિનહિસાબી હોવાનું સામે આવ્યું હતું.

હાથી આવશ્યક ચીજ વસ્તુઓ લે-વેચ કરી રજીસ્ટર ન નિભાવવા બદલ હાટકેશ્વર ટ્રેડિંગના માલિક ધર્મેન્દ્રકુમાર બારોટ સામે બાયડ પોલીસમાં ફરિયાદ નોંધાઈ હતી.

# અરવલ્લીમાં કોરોનાથી સતત થઈ રહેલ મોતથી ફફડાટ

## ૬ નવા કેસ નોંધાયા, ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણમાં વધ્યું

અરવલ્લી જિલ્લામાં બુધવારે વધુ ૬ પોઝીટીવ કેસ નોંધાયા હતા. જીલ્લામાં કોરોના સંક્રમીત દર્દીઓ સતત મોતને ભેટી રહ્યા છે, છેલ્લા ૪૮ કલાકમાં બે લોકોને કોરોના ભરખી જતા પરિવારજનોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. જીલ્લામાં નોંધાયેલ કુલ પોઝીટીવ કેસ ૭૪૧ સામે કુલ ૮૦ દર્દીઓના મોત નીપજયા છે. જોકે આ આંકડો આરટીપીસીઆર પોઝીટીવ દર્દીઓનો છે. જયારે કોરોનાથી સંક્રમીત અને જિલ્લા બહાર સારવાર મેળવી રહેલા દર્દી અને તેમના મોતનો આંક વધુ હોવાનું મનાઈ રહયું છે. જોકે આજદિન સુધીમાં કુલ ૬૨૮ દર્દીઓ કોરોનાને માત આપવામાં સફળ રહયા છે.

જિલ્લામાં કોવીડ-૧૯ નો રોગચાળો વકરી રહયો છે. કોરોના વાયરસના સંક્રમણને લઈ જિલ્લામાં ડીસેમ્બરના ૯ દિવસોમાં ૩૪ પોઝીટીવ કેસ નોંધાયા છે. જયારે ૩૯ દર્દીઓના સ્વાસ્થ્ય સુધરવાની સાથે સાથે કોરોના સંક્રમણને લઈ ૭ દર્દીઓના માત્ર ૯ દિવસમાં મોત નીપજયા છે. જીલ્લાના શહેરી વિસ્તારો કરતા ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાનું સંક્રમણ વધી રહ્યું છે હાલ ગ્રામ્ય વિસ્તારોમાં વાયરલ બીમારીના ઘરે ઘરે ખાટલા જોવા મળી રહ્યા છે. ત્યારે કોરોનાનું સંક્રમણ વધતા આગામી સમયમાં જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાની સ્થિતી વિસ્ફોટ બની શકે છે. ગ્રામ્ય વિસ્તારોમાં સોશ્યલ ડિસ્ટન્સ અને માસ્ક પહેરવા અંગે ભારે બેદરકારી જોવા મળી રહી છે. ગ્રામ્ય વિસ્તારોમાં વહીવટી અને આરોગ્યતંત્ર જનજાગૃતિ સાથે સરકારે જાહેર કરેલ કોરોનાની ગાઈડલાઈનની અમલવારી કરાવવામાં આવે તે ખુબ જરૂરી બન્યું છે.

બુધવારે જિલ્લામાં વધુ ૬ પોઝીટીવ કેસ નોંધાયા હતો. જેમાં મોડાસા નગરના વલ્લભ ટેર્નામેન્ટના ૭૮ વર્ષિય વૃદ્ધ, મોડાસા તાલુકાના વાણિયાદ ગામના ત્રણ મહિલા અને એક પુરુષ તેમજ સાતરડાની ૨૧ વર્ષીય મહિલા કોરોનાગ્રસ્ત થતાં સારવાર માટે ખસેડાયા હતા.

# ખેડબ્રહ્મા કોલેજમાં મતદાર યાદી સુધારણા વેબીનાર યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૯

ખેડબ્રહ્માની ડીડી ઠાકર આર્ટસ અને કેજે પટેલ કોમર્સ કોલેજ અને ખેડબ્રહ્મા પ્રાંત ઓફિસ તથા મામલતદાર ઓફિસના સંયુક્ત ઉપક્રમે માઈક્રોસોફ્ટ ટીમના માધ્યમથી ઓનલાઈન મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણા તથા મયદાર જાગૃતિ ૨૦૨૧ અંગેનો વેબીનાર યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ખેડબ્રહ્મા પ્રાંત અધિકારી તથા અતિથિ વિશેષ તરીકે મામલતદાર ખેડબ્રહ્મા ઉપસ્થિત રહી વ્યાખ્યાન આપ્યું હતું અને આજ દિવસે જે વિદ્યાર્થીઓ ૧૮ વર્ષના થઈ જતા હોય તેવા વિદ્યાર્થીઓને ચૂંટણી કાર્ડ માટેનું ઓનલાઈન ફોર્મ ૬ ભરાવવામાં આવ્યું હતું.

આ વેબીનારમા સરકારી વિનયન કોલેજ પોશીના, આરડેકતા ઈન્સ્ટિટ્યૂટ, આર્ટ્સ કોલેજ અન્દ્રોખા, આર્ટ્સ કોલેજ વિજયનગરના વિદ્યાર્થીઓને પ્રોફેસરોએ ભાગ લીધો હતો.

# ડેમાઈ ગામે એક જ રાતમાં સાત મકાનોના તાળા તૂટ્યા


## તસ્કરોએ માત્ર છ હજારની રકમ હાથ લાગતા સામાનની તોડફોડ કરી : ઠંડીની શરૂઆત થતાં જ તસ્કરોએ પોલીસને લપડાક માર્યો : પોલીસનું પેટ્રોલિંગ માત્ર નામનું જ સાબિત થયું

બાયડ, તા. ૯

બાયડ તાલુકાના ડેમાઈ ગામે એક જ રાતમાં સાત મકાનના તાળા તૂટતા લોકોમાં ભયનો માહોલ છવાયો હતો. જોકે ચોરોને અડધો ડઝન મકાનમાંથી માત્ર છ હજારની રકમ હાથ લાગતા તસ્કરોએ ઘરમાં રહેલ સામાનની તોડફોડ કરી હતી.

ઠંડીની શરૂઆત થતાં જ તસ્કરો બેફામ બની ડેમાઈ ગામે એક જ રાતમાં સાત ઘરોને નિશાન બનાવતા લોકોમાં પોલીસ સામે લોકો રોષે ભરાયા હતા. સાત મકાનને નિશાન બનાવી તસ્કરોએ અંદર રહેલ માત્ર છ હજાર જ રકમ હાથ લાગતા અંદર સામાન ફેરફાર કરી સામાનની તોડફોડ કરી હતી.

તસ્કરોને પકડવામાં સતત નિષ્ફળ બાયડ પીએસઆઈ તસ્કરોને ઝડપથી પકડે તેમ માંગણી ગ્રામજનોએ ઉઠાવી હતી.



### મહેસાણા જિલ્લામાં ક્લસ્ટર કક્ષાએથી હોમ લર્નિંગ અંતર્ગત મૂલ્યાંકનનો રાજ્યમાં સૌ પ્રથમ નવતર પ્રયોગ

# વિજાપુરના લાડોલ સી.આર.સી.ની ૧૦ શાળાઓમાં ઓનલાઈન ડિજિટલ કસોટીઓ દ્વારા ક્લસ્ટરકક્ષાએથી વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન

## ૧૦ શિક્ષકો દ્વારા તૈયાર થયેલ ૩૭૩ ડિજિટલ કસોટીઓ થકી વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિદ્ધિની ચકાસણી

મહેસાણા, તા. ૯

કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે ધોરણ ૨ થી ૧૨ના વિદ્યાર્થીઓનું શૈક્ષણિકકાર્ય બગડે નહી તે માટે રાજ્ય સરકારે હોમ લર્નિંગથી શૈક્ષણિક કાર્યની શરૂઆત કરી છે ત્યારે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના લાડોલ સી.આર.સી.ની ૧૦ પ્રાથમિક શાળાના કુલ ૭૪ શિક્ષકો દ્વારા ધોરણ ૨ થી ૮ના ૧૭૪૬ વિદ્યાર્થીઓની પણ ૧૫ જૂનથી જ વૉટ્સએપ અને ટી.વી.ના માધ્યમથી તેમજ વિદ્યાર્થીઓના ઘરે રૂબરૂ મુલાકાત દ્વારા હોમ લર્નિંગની કામગીરી કરવામાં આવી રહી છે.

ધોરણ ૩ થી ૮ ના ૧૫૧૫ વિદ્યાર્થીઓને પ્રથમ સત્રનો અભ્યાસક્રમ ધ્યાને રાખી પ્રત્યેક એકમ અને તેની અધ્યયન નિષ્પત્તિઓ આધારિત જરૂરી વીડિયો, પ્રવૃત્તિઓ અને સંદર્ભ સાહિત્ય રોજેરોજ ૫૪ શિક્ષકો દ્વારા ૫૮ જેટલા વૉટ્સએપ ગ્રુપના માધ્યમથી કલસ્ટર લેવલેથી અને શાળાકક્ષાએથી આપવામાં આવી રહ્યા છે. જે વિદ્યાર્થીના ઘરે ટી.વી. નથી તેમના માટે પણ દૂરદર્શન ડીડી ગિરનાર દ્વારા પ્રસારિત થતાં શૈક્ષણિક કાર્યક્રમ જોવા માટે મિત્ર, સંબંધી કે પડોશીના ઘરે ટી.વી. જોવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

હોમ લર્નિંગ અંતર્ગત વિદ્યાર્થીઓએ શીખેલી બાબતોનું પ્રત્યેક એકમના અંતે અસરકારક મૂલ્યાંકન કરવા માટે અને સાથે સાથે તેમને માર્ગદર્શન આપવા તથા જરૂરિયાત મુજબ ઉપચારાત્મક શૈક્ષણિક કાર્ય પણ વધુ અસરકારક બનાવવાના હેતુસર મહેસાણા જિલ્લા વિકાસ અધિકારી એમ.વાય. દક્ષિણીની પ્રેરણા અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ડૉ. ગૌરાંગ વ્યાસ તેમજ નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પુલકિત જોશીના સઘન માર્ગદર્શન હેઠળ લાડોલ સી.આર.સી. કક્ષાએથી જ ધોરણ ૩ થી ૮ના ૧૫૧૫ જેટલા વિદ્યાર્થીઓનું ઓનલાઈન ડિજિટલ કસોટીઓ દ્વારા સતત મૂલ્યાંકન કરવાનો સૌ પ્રથમ નવતર પ્રયોગ અમલમાં મૂકવામાં આવ્યો છે.

# પાલનપુર ઈન્ડિયન મેડિકલ એશોસીએશને અવાજ ઉઠાવતા કલેકટર કચેરીએ આવેદનપત્ર

આરોગ્ય ક્ષેત્રે વિવિધ ચિકિત્સા પદ્ધતિઓ આવેલી છે. ત્યારે મેડિકલ ક્ષેત્રે મિકસોપેથી કરવા સામે પાલનપુર ઈન્ડિયન મેડિકલ એશોસીએશને અવાજ ઉઠાવતા કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવી વિરોધ જતાવ્યો હતો.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ અને નીતિ આયોગની ચાર સમિતિઓ જેવી કે, તબીબી શિક્ષણ, અભ્યાસ, જાહેર આરોગ્ય અને વહીવટ. હાલમાં ચાલુ દરેક ચિકિત્સા પદ્ધતિને મિક્સ કરીને એક ખીચડી પદ્ધતિ મેકસોપેથી બનાવવાના પ્રયત્નો કરી રહેલ છે. જે મિકસોપેથી સામાન્ય નાગરિકના જાહેર આરોગ્ય સામે ખતરારૂપ હોવાની આશંકા જતાવતા પાલનપુર આઈ.એમ.એ દ્વારા વિરોધ પ્રદર્શન કરી કલેકટર કચેરીએ આવેદનપત્ર પાઠવ્યું હતું.

# પાલનપુરના બે ગૃહસ્થોનું કોરોનાની સારવાર દરમિયાન મોત : ૧૦૧૪ સેમ્પલમાંથી ૫૩ નવા કેસ

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં કોરોના વાયરસનું સંક્રમણ દિન-પ્રતિદિન વધી રહ્યું છે. જયાં પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં શહેરના બે ગૃહસ્થોનું કોરોનાથી મોત નિપજ્યું હતુ. જ્યાં વર્તમાન સમયે ૬૦ પોઝિટિવ દર્દીઓ કોરોનાની સારવાર લઈ રહ્યા છે. જ્યારે વધુ ૫૩ સંક્રમિત થયા છે જિલ્લા આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું કે બનાસકાંઠા જિલ્લાના ૧૪ તાલુકાઓમાં એન્ટીજન રેપિડ દ્વારા ૭૫૩ સેમ્પલ લેવામાં આવ્યા હતા જે પૈકી ૧૨ પોઝિટિવ આવ્યા છે. જ્યારે ડીસાની ગાંધી લિંકન હોસ્પિટલ માં ૧૩૪ આરટી પીસીઆર સેમ્પલ પૈકી ૨૬ પોઝિટિવ આવ્યા છે જ્યારે પાલનપુરની બનાસ કોવિડ હોસ્પિટલના ૯૫ સેમ્પલ પૈકી ૪ પોઝિટિવ આવ્યો છે. જ્યારે પાલનપુરની પ્રાઈવેટ લેબોરેટરીમાંથી લેવાયેલા ૩૨ સેમ્પલ પૈકી ૧૧ પોઝિટિવ આવ્યા છે આમ જિલ્લાના ૧૦૧૪ સેમ્પલ પૈકી ૫૩ દર્દીઓના રીપોર્ટ પોઝિટિવ આવ્યા છે. આ ઉપરાંત પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં બુધવારે બે દર્દીઓના મોત નિપજ્યા હતા.